શ્રી ગ્રેટર મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh
સંચાલિત
શ્રી માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ
MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD

Website : jainshikshan.org E-mail : jainshikshanboard@gmail.com

## ૧૧ ઓગસ્ટ ૨૦૧૯ - પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૨ થી ૫

# સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૧૭

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. નીચેના દોષોમાંથી કયા દોષો મનના, વચનના કે કાયાના છે તે જણાવો. (૨)
(લાભાર્થ, સહસાકાર, આલંબન, અવિનય)
૨. નીચેના માગધી શબ્દોના અર્થ લખો. (૨)
(નિમ્મલયરા, નમોક્કારેણં, નકારવેમિ, નિગ્ઘાયણઠાએ)
૩. કયા અંગ સૂત્રોમાં એક પણ ધર્મકથા નથી ? (૨)
૪. નિરયાવલિકા સૂત્ર અંગ છે કે ઉપાંગ ? કાલિક છે કે ઉત્કાલિક ? તેમાં શેનું વર્ણન આવે છે ? (૩)
૫. જેનાથી વડીદીક્ષા અપાય છે તે સૂત્ર કયું ? તેના રચયિતા કોણ ? તેની આગમશૈલી કેવી છે ? (૩)
૬. રજોદ્‌ઘાત એટલે શું ? તેની અસજ્ઝાય ક્યાં સુધી હોય ? (૨)
૭. શુકલપક્ષ એકમની અસજ્ઝાયનું નામ શું ? તે ક્યાં સુધી હોય ? (૧)

**પ્રશ્ન ૨. શ્રી આચારાંગ સૂત્રના આધારે જવાબ આપો. (૫)**

૧. ભગવાન મહાવીરે ક્યાં, ક્યારે, કઈ ઋતુમાં દીક્ષા લીધી હતી ? (૧.૧/૫)
૨. કર્મબંધનના ૩ કારણ બાતાવ્યા છે. ..........., ........... એ ........... (૧.૧/૫)
૩. કુતુહલ ઉત્પન્ન કરનાર કઈ પ્રવૃત્તિમાં ભગવાન મહાવીર રસ લેતા નહોતા ? (૨)

**પ્રશ્ન ૩. શ્રી ઠાણાંગ સૂત્રના આધારે જવાબ આપો. (૧૦)**

૧. ........... અને ........... આ બે સ્થાનોને પરિજ્ઞાત (જાણીને ત્યાગનાર) આત્મા, કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે. (૨)
૨. ઉન્માદ કેટલા પ્રકારનો છે ? ક્યા ક્યા ? (૩)
૩. તમિસ્ત્રા ગુફા કયા ક્ષેત્રમાં કયા પર્વતમાં આવેલી છે ? (૨)
૪. પલ્યોપમ એટલે શું તે સમજાવો. (૩)

**પ્રશ્ન ૪. શ્રી જ્ઞાતાધર્મકથાના આધારે જવાબ આપો. (૧૦)**

૧. ધન્ય સાર્થવાહે ચારેય પુત્રવધુના પિયરવર્ગને શા માટે ભોજન માટે બોલાવ્યો ? (૩)
૨. મને ઓળખો : (૪)
ક) મને મારા સસરાએ અમારા ઘરની સર્વેસર્વા નિયુક્ત કરી.
ખ) અમે ચારગતિરૂપ સંસારને પાર કરી શકીએ છીએ.

ગ) મને સંપત્તિના ભંડારી તરીકે નિયુક્ત કરાઈ.
ઘ) હું પૂનમના ચંદ્રની અપેક્ષાએ વર્ણ, કાંતિ, દિપ્તી, ગોળાઈ આદિમાં હીન છું

૩. ધન્ય સાર્થવાહની પત્નીનું નામ શું હતું ? (૧)

૪. ધન્ય સાર્થવાહે ઉજ્ઝિકાને શું કહ્યું (૨)

પ્રશ્ન ૫. શ્રી ઉપાસક દશાંગસૂત્રના આધારે જવાબ આપો. (૧૦)

૧. ખરૂં છે કે ખોટું તે જણાવો અને ખોટું સુધારીને લખો. (૫)
ક) આનંદ શ્રાવક ઉંચે ઉર્ધ્વદિશામાં ઈશાન દેવલોક સુધી જાણવા જોવા લાગ્યા.
ખ) ઈન્દ્રભૂતિ ગણધર નિરંતર છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા હતા.
ગ) આનંદ શ્રાવકે કેરી સિવાય બાકીનાં બધાં ફળોનો ત્યાગ કર્યો.
ઘ) આનંદ શ્રાવકની પત્નીનું નામ શિવાનંદા હતું.

૨. આનંદ શ્રાવકે દિશા પરિમાણ વ્રતની મર્યાદા કેવી રીતે કરી ? (૨)

૩. આનંદ શ્રાવક અત્યારે કયા દેવલોકમાં કેટલી સ્થિતિએ છે ? (૨)

૪. આનંદ શ્રાવકે સ્નાન માટે કેટલા પાણીનો આગાર રાખ્યો હતો ? (૧)

પ્રશ્ન ૬. ક) શ્રી અંતગડ સૂત્રના આધારે જવાબ આપો. (૫)

૧. વર્ગ એટલે શું ? અંતગડ સૂત્રના કેટલા વર્ગ છે ? (૨)

૨. અંતગડ દશાંગના પ્રથમ વર્ગમાં કેટલા અધ્યયન છે ? તેમાંથી ચોથા તથા આઠમા વર્ગનું નામ લખો. (૨)

૩. ગૌતમ અણગારે કેટલો અભ્યાસ કર્યો ? (૧)

ખ) શ્રી અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો. (૫)

૧. જાલિકુમારે પ્રત્યેક પત્નીને શું શું આપ્યું ? (૨)

૨. જાલિઅણગાર પ્રકૃતિથી કેવા હતા ? (૨)

૩. જાલિકુમારે કોની જેમ દીક્ષા લીધી અને કોની જેમ તપ કર્યું ? (૧)

પ્રશ્ન ૭. શ્રી દશવૈકાલિક સૂત્ર અને પુચ્છિંસ્સુણંના આધારે જવાબ લખો. (૧૫)
ભાવાર્થ સાથે ગાથા લખો. (કોઈ પણ પાંચ) :

| | |
|---|---|
| ૧. એમે એ ........... | ૪. સે ભૂઈ પન્ને ........... |
| ૨. ધિરત્થુ ........... | ૫. મહિએ ........... |
| ૩. સંજમે ........... | ૬. થણિયં ........... |

પ્રશ્ન ૮. શ્રી ભગવતીસૂત્રના આધારે જવાબ આપો : (૧૦)

૧. સંસારીઓનું સુખ કેવું છે ? શ્રમણ ભગવંતોનું સુખ કેવું છે ? (૨)

૨. સાધુ ૧૫૦ દિવસ સંયમ પાળે તો કોનું સુખ ઉલ્લંઘી જાય ? વિજય વિમાનના દેવોના સુખથી પણ વધુ સુખ ક્યારે મળે ? (૨)

૩. ચ્યવનકાળ નજીક આવતાં દેવો શા માટે દુ:ખી થાય છે । (૩)

૪. ગર્ભસ્થ જીવને માતા તરફથી અને પિતા તરફથી કયા અંગો મળે છે ? (૩)

પ્રશ્ન ૯. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ આપો. (૧૦)

૧. જઘન્ય ૨૦ પક્ષે અને ઉત્કૃષ્ટ ૩૦ પક્ષે ક્યા દેવો શ્વાસ લે છે ? (૨)
૨. નરક આદિ ૨૪ દંડકમાં ........... સંજ્ઞા હોય છે. સંજ્ઞાનું અસ્તિત્વ ........... ગુણસ્થાન સુધી હોય છે. (૧)
૩. મનુષ્યમાં આહાર આદિ ૪ સંજ્ઞાનો અલ્પબહુત્વ લખો. (૩)
૪. ભવનપતિના દેવોને કઈ કઈ વેદના ના હોય ? નિદા વેદના કોને નથી ? (૨)
૫. શાતાવેદના અને સુખવેદનામાં ફરક શું છે ? (૨)

પ્રશ્ન ૧૦. આગમ પરંપરાના આધારે જવાબ લખો. (૫)

૧. પ્રથમ આગમવાંચના કયાં અને કયારે થઈ ? (૨)
૨. પૂર્વ કોને કહે છે ? (૨)
૩. છેલ્લા બે પૂર્વના નામ લખો. (૧)

જય જિનેન્દ્ર